પોલીસ ઓફિસે ફોન લઈ જવા પર પ્રતિબંધ

ઈન્ટેલીજન્સ અહેવાલ મળ્યા બાદ સુરક્ષા માર્ગદર્શિકા પોલીસ દ્વારા અમલી બનાવી દેવામાં આવી છે જેના ભાગરુપે પોલીસ ઓફિસ ઉપર મુલાકાતીઓ મોબાઈલ ફોન લઈને જઈ શકશે નહીં. ત્રાસવાદીઓ દ્વારા પોલીસ એજન્સીઓમાં આ પ્રકારથી દુરુપયોગ કરી શકે છે તેવી બાતમી મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. કાઈમ બ્રાંચના અધિકારીઓ કહ્યું છે કે, ત્રાસવાદી હુમલાના સંદર્ભમાં ચેતવણી મળી છે. લો એન્ફોર્સમેન્ટ એજન્સી અને તપાસ સંસ્થાઓ જે ત્રાસવાદી કેસોને હાથ ધરી રહી છે તેમની સામે ખતરો રહેલો છે. આઈઈડીનો ઉપયોગ કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મોબાઈલ ફોન અને બેગ લઈને આવતા પ્રવાસીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે, ખાસ સ્ટોર વિઝિટર ખાતે અલમારીઓ મુકવામાં આવી છે જેમાં વિઝિટરો ફોન અને અન્ય ચીજો મુકી શકશે. એન્ટ્રી પોઈન્ટ ઉપર તેમની સંબંધિત ચીજવસ્તુઓ માટે મુલાકાતીઓને ટોકન આપવામાં આવશે. કેટલાક વરિષ્ઠ પોલીસ અધિકારીઓને પણ ખાસ પ્રકારની સૂચના આપવામાં આવી છે.

શહેર કોંગ્રેસના દેખાવો : નલિયા કાંડ અંગે ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો યોજાયા હતા. શરમ કરો ભાજપ... શરમ કરો...ના પ્લેકાર્ડ સાથે મહિલા કોંગ્રેસના સભ્યોએ મુખ્ય માર્ગો ઉપર ઉભા રહી નલિયા કાંડની ન્યાયી તપાસની માંગ કરી હતી. સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાંનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

હોસ્પિટલના પાછળના ગેટ પર સીસી ટીવી કેમેરા મુકવા તંત્રની વિચારણા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાછલા ગેટ પર સીસીટીવી કેમેરા લગાવાનું તંત્રના અધિકારીઓની વિચારણા હેઠળ છે. હોસ્પિટલ તંત્રમાં મોટાભાગે તીસરી આંખની નજર હેઠળ છે. ત્યારે હોસ્પિટલમાં મેડીકલ દવાનો જથ્થો, રસોડું, અને વાહન પાર્કીંગની જગ્યા છે ત્યાં સીસીટીવી કેમેરા નથી. જેથી આ તમામ સ્થળોને આવરી લેવામાં આવે તેવા હાઈ રીઝોલ્યુશન કેમેરા ફીટ કરવામાં આવે તે અંગે તંત્રમાં વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલ સીસીટીવી કેમેરાથી સજજ છે. હોસ્પિટલની તમામ ગતિવિધીઓ પર તીસરી આંખની નજર છે. પરંતુ હોસ્પિટલમાં ચાલી રહેલા સુધારા વધારાને પગલે કેટલાક સ્થળો પર સીસીટીવી કેમેરા ગોઠવાયા નથી. ત્યારે હોસ્પિટલની આઠમાળની ઈમારતના ભોંયતળિયે આવેલ કેટલાક વિભાગોમાં સીસીટીવી કેમેરા નથી. આ સ્થળ પરથી નીચે પાછળના ગેટ બાજુએ જવાનો માર્ગ છે. નવી બિલ્ડીગના ભોંયતળીએ મેડીકલ દવાનો જથ્થો, ઈન્જેકશનરૂમ, રસોડું, જનરેટર રૂમ સહિત સ્ટાફના વાહન પાર્કીંગ થાય છે. છેલ્લા કેટલાક સમયથી વાહન ચોરીઓ હોસ્પિટલમાં વધી જવા પામી છે. તેમજ આ સ્થળો પરથી વારંવાર તંત્રના અધિકારીઓને ગેરરીતીની ફરિયાદો પણ સાંભળવા મળી રહી છે. જયારે કેટલાક ગુટલીબાજ કર્મચારીઓ પણ આ માર્ગનો ઉપયોગ કરીને પલાયન થઈ જતા હોય છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવે તો તમામ ગતિવિધીઓ કેમેરામાં કેદ થઈ શકે છે. જેથી તંત્રના અધિકારીઓ દ્વારા આ સ્થળો પર હાઈ રીઝોલ્યુશન કેમેરા ગોઠવવા માટે વિચારણા ચાલી રહી છે. ત્યારે હોસ્પિટલમાં પાછળના ભાગે સીસીટીવી કેમેરાને પગલે કેટલાક કર્મચારીઓમાં ચિંતિત નજરે જોવા મળી રહ્યા છે. ત્યારે હોસ્પિટલ સંકુલની સુરક્ષા અને સલામતીને પગલે આ કેમેરા ફીટ કરવામાં આવશે. પરંતુ આ વિચારણાનો અમલ ક્યારે થશે તે કહેવું મુશ્કેલ છે...?

ગાંધીનગર નજીક આવેલ પેથાપુરની સરકારી હોસ્પિટલ ખાતે દલિત સેના દ્વારા આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટીસંખ્યામાં પેથાપુરવાસીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં શહેરના પ્રખ્યાત આઈ સ્પેશ્યાલીસ્ટ ડો. તેજલ દલાલ ઉપસ્થિત રહીને સેવા આપી હતી.

જનવેદના પંચાયતમાં કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ

મોદી માસ્ક પર ટામેટા ફેંકી સરકારની નિષ્ફળતાના આરોપો લગાવાયા

ગાંધીનગર, તા. ૧૧

નોટબંધીના ૯૦ દિવસ કરતા વધુ દિવસ વિતી ગયા હોવા છતાં પ્રજાની હાડમારી તથા હાલાકી ઓછી થઈ નથી. ઉપરાંત બોદી એવી મોદી સરકારની જનવિરોધી નીતિઓને પ્રજા સમક્ષ ઉજાગર કરવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સમગ્ર દેશમાં '' જન વેદના સંમેલનો '' દ્વારા પ્રજાની વેદનાને વાચા આપી આંદોલન છેડયું છે. જેના ભાગરૂપે આણંદ મુકામે રાજય સ્તરના મળેલા જન વેદના સંમેલનમાં ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો ઉપર જન વેદના સંમેલનો યોજવાની જાહેરાત કરી હતી. જે અન્વયે ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો ઉપર આગામી ફેબ્રુઆરી માસમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા ''જન વેદના પંચાયતો'' યોજવાના ભાગરૂપે આજે ગણેશ પાર્ટી પ્લોટ, કલોલ ખાતે કલોલ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જન વેદના પંચાયત સફળતાપૂર્વક યોજાઈ હતી. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, જિ.પં.પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્ય બળદેવજી ઠાકોર, તા.પં.પ્રમુખ કાંતિજી ઠાકોર, શહેર પ્રમુખ ધનજીભાઈ પરમાર અને ન.પા.વિપક્ષ નેતા મયુરભાઈ બારોટે, ભરતભાઈ પટેલ, ધુળાજી ઠાકોર, હિતેન્દ્ર પટેલ, રશ્મિજી ઠાકોર, ગણપતજી ઠાકોર, સોમાજી ઠાકોર, જીતેન્દ્રસિંહ સોલંકી, શારદાબેન મકવાણા, મંદાબેન, ગીતાબા વિહોલ, નિખીલ સિંઘાનીયા, રવી રૂપાણી, પિનાકિન બ્રહ્મભટ્ટ, અશોક પરમાર વિગેરે આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

જેસીઆઈ દ્વારા ''તમારી તાકાતને જાણો'' વિષય પર સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

જેસીઆઈ ગાંધીનગર દ્વારા તાજેતરમાં તમારી તાકાતને જાણો વિષય પર કલ્પતરુ લર્નીંગ સેન્ટર સેકટર-૨૫ ખાતે સેમીનાર યોજાયો હતો. જેમાં ટ્રેનર રોહિત કટીરાએ જીવનમાં જ્ઞાન તેમજ અનુભવનો ઉપયોગ કરવો જોઈએ તેમ કહી વિવિધ દ્રષ્ટાંતો આપી ઉપસ્થિત મહેમાનોને સવિસ્તાર માહિતી પુરી પાડી હતી. સેમિનારમાં મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ કલ્પતરૂ લર્નીંગ સેન્ટર ખાતે તાજેતરમાં યોજાયેલ તમારી તાકાતને જાણો વિષય પર સેમીનારમાં ટ્રેનર રોહિત કટીરાએ પરિસ્થિતિને અલગ-અલગ દ્રષ્ટિકોણથી જોતા શીખવું જોઈએ. તો દરેક પરિસ્થિતિમાં વ્યકિતને સરળ માર્ગ મળી જાય છે. વ્યકિતએ દરરોજ કાંઈક નવું શીંખવુ જોઈએ. તે શીખવા માટે વ્યકિતની ઈચ્છા શકિત ખુબ જરૂરી છે. વ્યકિતની પાસે જ્ઞાન છે. પરંતુ વ્યકિતએ તે જ્ઞાન યોગ્ય જગ્યાએ ઉફયોગ ન કરી શકે તો તે જ્ઞાન શું કામનું.. વ્યકિતની ઈચ્છા શકિત પ્રબળ હશે તો તે જીવનમાં જરૂર કાંઈક નવું કરી શકશે. અને તેનો આત્મવિશ્વાસ વધશે. રોહિત કટીરાએ પોતાની આગવી શૈલીમાં ખુબ જ સારા દ્રષ્ટાંતો આપી સમજણ પુરી પાડી હતી. આ પ્રસંગે જેસીઆઈના સભ્યો હિતેષ પરમાર, કાજલ વૈષ્ણવ, વિનેશ ચૌહાણ, તેમજ શૈલી કારીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રોજેકટ ચેરમેન અને વાઈસ પ્રેસીડન્ટ દિશા પોપટ દ્વારા સેમીનારને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધી દ્વારા ટ્રેનર રોહિત કટીરાનો આભાર વ્યકત કર્યો હતો. તેમ મીડીયા કન્વીનર સંકેત ગોરે જણાવ્યું છે.

માનવજીવનને સાર્થક કરવા પુરુષાર્થ કરવો જરૂરી

ગાંધીનગર, તા. ૧૧

આધ્યાત્મિક સંસ્થા લાઈફ મિશનના સંસ્થાપક, ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના પ્રણેતા તેમજ પ્રાણના બળે આપમેળે થતી ખેચરી મુદ્રાની અભૂતપૂર્વ યોગ સિદ્ધિ હાંસલ કરનારા સ્વામી રાજર્ષિ મુનિજીના ૮૭માં જન્મદિવસની ઉજવણી લાઈફ મિશન પરિવાર કોબા-ગાંધીનગર પ્રેક્ષાધ્યાન ભારતી પરિસરમાં તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવી હતી.

સ્વામી રાજર્ષિ મુનિજીએ પોતાના પ્રવચનમાં આર્શીવચન આપતાં કહ્યું કે માનવજીવનને સાર્થક કરવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. ગુણગ્રાહી, સદ્‌ગુરુપ્રાપ્તિનો અને સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે સાધના કરવાનો પુરુષાર્થ મનુષ્યે કેળવવો જોઈએ. આ શુભ પ્રસંગે ૨૦૦ ઉપરાંત ભાવિકોએ મુનિજી પાસેથી મંત્રદીક્ષા લીધી હતી. આ કાર્યક્રમમાં ૫ હજારથી પણ વધુ ભાવિકો હાજર રહ્યા હતા.

આ ઉજવણીમાં સર્વપ્રથમ ગુરુ પાદુકા પૂજન બાદ અમદાવાદ લાઈફ મિશને સ્વામી રાજર્ષિમુનિજીનું સ્વાગત કર્યુંહતું. કાર્યક્રમમાં વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પંજાબના રાજ્યપાલ વી.પી. સિંઘે જણાવ્યું કે મનુષ્ય કર્મદ્વારા જ આગળ વધે છે. આઈ.કે. જાડેજાએ જણાવ્યું કે, સ્વામી રાજર્ષિ મુનિજીના આર્શીવાદ આપણને સૌને જન્મોના જન્મ સુધી મળતા રહે પૂ. સ્વામી રાજર્ષિ મુનિજીના જન્મદિન મહોત્સવની ઉજવણીમાં રાજ્યના મંત્રીમંડળના સભ્ય અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

લે તુ કહે છે તો રોઝ ડે મનાવીએ... લે આ ગુલાબ... પણ હમણાં એપ્રિલ આવે છે તો તું... મારી સાથે 'ફૂલ-ડે' ન મનાવતી...!!

મારો દેશ સાચી દિશામાં બદલાઈ રહ્યો છે : પ્રશાંતસિંહ

કલોલના જાસપુરમાં યુઆઈડીએના સહ મહાનિર્દેશક પ્રશાંતસિંહ કેશલેસ અનાજ વિતરણ વ્યવસ્થાથી પ્રભાવિત

ગાંધીનગર, તા. ૧૧

યુ.આઈ.ડી.એ.આઈ.ના સહ મહાનિર્દેશક પ્રશાંતસિંહે ગાંધીનગર જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોને કેશલેસ બનાવવાના નિર્ણયને પગલે તેઓ ગુજરાત આવ્યા હતા. તેમણે તેમની મુલાકાતને અંતે ગુજરાતમાં કેશલેસ

ભાવની દુકાનો પરની ઈ. સેવાઓનું નીરીક્ષણ કર્યા પછી પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતુ કે મારો દેશ બદલાઈ રહ્યો છે અને આ જિલ્લામાં ૧૦૦થી વધુ સુવિધાઓ કોમ્પ્યુટર દ્વારા ઉપલબ્ધ બની છે એટલુ જ નહિ ગ્રામજનો માટે તે વરદાનરૂપ છે.

તેમણે કલોલ તાલુકાના જાસપુર ગામે વ્યાજભી ભાવની દુકાનમાં ઉપલબ્ધ ઈ. સેવાની ઝીણવટભરી વિગતો મેળવી હતી.

તાજેતરમાં જ રાજય સરકારે મોબાઈલ રીચાર્જ અને બીલ ચુકવણુ, રેલવેઈ ટીકીટ, એર ટીકીટ, બસ ઈ ટીકીટ એલઆઈસી તથા અન્ય ઈન્સ્યોરેન્સના પ્રિમીયમ અનાજ વિતરણ વ્યવસ્થા જોઈ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

વ્યાજબી ભાવની દુકાને વધુ આર્થિક રીતી સદ્ધર બનાવા તથા કેશલેસ કે ડીજીટલ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે સી.એસ.સી. દ્વારા વ્યાજબી ભાવની દુકાનોમાં નીચે મુજબની અન્ય ઈ સેવાઓ જેવી કે તથા ઈમેલમાં સુધારા વધારા, ગ્રામ્યપ્રજામાં સામાન્ય કોમ્પ્યુટર જ્ઞાન, ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટીઓફ ઈન્ડીયામાં નોંધણી, પેન્શનરો માટે ચાલતી પ્રમાણપત્ર, વગેરે શક્ય બનેલ છે. ટુંક સમયમાં વિજળી બીલનું ચુકવણુ પણ કરી શકાશે.

ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકામાં જાસપુર મુકામે પ્રજાપતિ અમરતભાઈ રામાભાઈની વ્યાજબી ભાવની દુકાને અન્ન નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચીવ એમ.કે. દાસ, યુ.આઈ.ડી.એ.આઈ. મુંબઈ હેડ ક્વાટરના સહમહા નિર્દેશક પ્રશાંતસિંહ, નિયામક રજિથકુમાર, ગાંધીનગર જિલ્લાના કલેક્ટર સતિષ પટેલ તથા અન્ય અધિકારીની ઉપસ્થિતિમાં એઈપીએસની ચકાસણી કરવામાં આવી. ચકાસણી કર્યા બાદ યુઆઈડીએઆઈના સહમહા નિર્દેશક પ્રશાંતસિંહ તેમના પ્રતિભાવમાં જણાવાયુ કે આજે કેશલેસ અનાજ વિતરણ વ્યવસ્થા જોઈ મને ઘણો આનંદ અને ગૌરવનો અનુભવ થાય છે. અને મારી આંખોથી આ ચમત્કાર જોઈ હું પૂર્ણ વિશ્વાસથી કહી શકુ છુ કે મારો દેશ બદલાઈ રહ્યો છે. અહીંયા કોમ્પ્યુટર દ્વારા ૧૦૦થી વધુ સુવિધાઓનો લાભ ગ્રામજનોને મળી રહ્યો છે. જે ગ્રામજનો માટે વરદાન સ્વરૂપ છે.

મારા તરફથી અગ્ર સચિવ અન્ન નાગરિક પુરવઠા વિભાગ મનોજ દાસ તથા સરકારને ખુબ ખુબ અભિનંદન તથા શુભકામનાઓ આપુ છુ.

ડભોડા ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે ગ્રામ પંચાયતના હોલમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. નામદાર સુપ્રિમ કોર્ટની સુચનાનુસાર તૈયાર થયેલ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (નાલ્સા)ની વિવિધ સ્કીમોની શોર્ટ ટેલીફિલ્મ દ્વારા શિબિરમાં ગામના આગેવાનોને દર્શાવી સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પી.એલ.વી. સીતારામભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજજર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર નિવિદા

સરકારી પોલીટેકનીક સેકટર-૨૬, ગાંધીનગર ખાતે કેન્ટીન ચલાવવા માટેના અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડરો સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. અથવા રૂબરૂથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોમાં ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક વચ્ચે તા. ૧૩/૨/૨૦૧૭થી તા. ૯/૩/૨૦૧૭ સુધીમાં રૂ. ૧૫૦૦/- રોકડા અથવા ડી.ડી.થી ટેન્ડર ફીના ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૧૦/૩/૨૦૧૭ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

સહી/-
આચાર્યશ્રી
સરકારી પોલીટેકનીક
સેકટર-૨૬, ગાંધીનગર

માહિતી/૨૭૧૫/૧૬-૧૭

જાહેર નિવિદા નં. ૭ / ૨૦૧૬-૧૭
ગાંધીનગર વન વિભાગ

નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર, દ્વારા વન વિભાગ હસ્તકની જુદી જુદી રેંજમાં જુદા જુદા મોડલ હેઠળ સને ૨૦૧૭-૧૮ના આગોતરા કામગીરી પૈકી નવી તાર ફેન્સીંગની કામગીરી માટે ઈજારદારશ્રીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ અંગેની કામગીરી માટેના કોરા ટેન્ડર ફોર્મની ફી રૂ. ૧૦૦૦/- ભરી આ કચેરીમાંથી તા. ૧૪/૨/૨૦૧૭થી તા. ૨૧/૨/૨૦૧૭ સુધીમાં ૧૧.૦૦ કલાક સુધી કચેરીના ચાલુ કામકાજના કલાક દરમિયાન નીચેના સરનામેથી મળી શકશે. જે સીલબંધના કવરો તા. ૨૧/૨/૨૦૧૭ના ૧૨.૦૦ કલાક સુધી રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી તેમજ રૂબરૂ સ્વીકારવામાં આવશે. અને તા. ૨૧/૨/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાકે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦/૨/૨૦૧૭

સહી/-
નાયબ વન સંરક્ષક
ગાંધીનગર

સરનામું :
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
ગાંધીનગર વન વિભાગ,
ઘ-૪ ટાઉનહોલની પાછળ, સેકટર-૧૭,
ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨૨૧૨૬૦, ૨૩૨૩૬૮૭૨

ટચૂકડી જાહેર ખબર

ભાડે જોઈએ છે

કાર વૉશિંગ માટે દુકાન, પ્લોટ કે જમીન ભાડે જોઈએ છે.

ગાંધીનગરમાં

મો. : ૯૯૨૫૦ ૦૧૫૮૧

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ